આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૩ | ૩ ફેબ્રુઆરી, ૨૦૧૩, રવિવાર; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તાલુકા પંચાયતમાં ૧૧૬ ઉમેદવારો મેદાનમાં

## ભાજપના ૫૯, કોંગ્રેસના ૩૭ અને ૧૫ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : ડભોડા-૧, શિહોલી, શેરથા અને ઉનાવામાં ૫-૫ ઉમેદવારો તો રાંધેજા-૨ અને કોલવડામાં ૬-૬ ઉમેદવારો મેદાનમાં : ભાજપ-કોંગ્રેસે એક-એક ઉમેદવારની પુનઃ પસંદગી કરી

ગાંધીનગર, તા. ૨

આગામી ૧૭મી ફેબ્રુઆરીએ યોજાનાર ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૬૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ૩૧ બેઠકો માટેના આ જંગમાં આ સાથે કુલ ૧૧૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ બન્નેએ નો-રીપીટ થિયરી અપનાવી હોવાથી બન્ને પક્ષોએ બળવાનો ભય ખાળવા માટે ડમી ઉમેદવારોને ઉભા રાખ્યા છે. ૧૧૬ ઉમેદવારોમાં કોંગ્રેસના ૩૭, ભાજપના ૫૯, બસપાના ૦૨ અને અપક્ષો-૧૫ મેદાનમાં છે.

તાલુકા પંચાયતની ૩૧ બેઠકો પૈકી ૪ બેઠકો પર પાંચ-પાંચ ઉમેદવારો નોંધાયા છે. જેમાં શેરથા, ઉનાવા, ડભોડા-૧, શિહોલી મોટીની બેઠકનો સમાવેશ થાય છે. ૭ બેઠકો પર ચતુષ્કોણીય જંગ થાય તેવી શક્યતાઓ છે. તો ૮ બેઠકો પર ત્રિકોણીય જંગ ખેલાય તેવા સંકેતો છે. જો કે ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. કોલવડા અને રાંધેજા-૨માં ૬-૬ ઉમેદવારો નોંધાયા છે જે સૌથી વધુ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકોમાં રોટેશનના ફેરફારોને કારણે રાજકીય ઉત્તેજના વધુ જોવા મળી રહી છે. જો કે બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોએ આ સામાન્ય ચૂંટણી માટે ૧-૧ ઉમેદવારને જ પુન મેદાનમાં ઉતાર્યા છે જ્યારે ૬૦ ઉમેદવારોને પ્રથમવાર તક પ્રાપ્ત થઈ છે.

તાલુકા પંચાયતની આ ચૂંટણી જંગ માટે હવે ૪થી ફેબ્રુઆરીએ ચકાસણી હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ૫મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે અને ૧૭મી ફેબ્રુઆરીએ આ ચૂંટણી માટે ઈ.વી.એમ. થી મતદાન યોજાશે. ચૂંટણીના મતદાન માટે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

આજે આ ચૂંટણી માટે ૩૦ થી પણ વધુ મહિલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારો

● અનુસંધાન પાન-૭ પર




કોમર્શીયલ બિલ્ડીંગ વેચાણ / ભાડે આપવાનું છે.
આશરે 6500 sq.ft. બિલ્ટ અપ એરિયા. ફુલ પાર્કીંગ, BU પરમીશન સાથે રેડી પઝેશન
પ્લોટ એરિયા ૩૫૫ ચોરસ મીટર
કોર્પોરેટ હાઉસ, હોસ્પિટલ, હોટલ/રેસ્ટોરન્ટ, હોસ્ટેલને લાયક.
Upcoming DMARTની બાજુમાં, "ક" રોડ, સેક્ટર-૨૬, ગાંધીનગર સંપર્ક : 9825606310 - 9825584846
દલાલ આવકાર્ય છે.

પ્લોટ વેચવાનો છે
કમલમ રેસીડન્સી, વાવોલ, ગાંધીનગરમાં ૧૯૯ વારનો, એન.એ./એન.ઓ.સી તેમજ પ્લાન એપ્રુવ પ્લોટ વેચવાનો છે.
સંપર્ક કરો :
૯૯૦૯૯૨૬૯૬૧

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ
ન્યુ ભારત ઉત્સવ-૨૦૧૩
સારંગપુરનું ફર્નિચર, કશ્મીરી ડ્રેસ મટીરીયલ્સ, લખનવી ચીકન શુટ, કુર્તા, બદોઇ કારપેટ
એન્ટ્રી પાર્કિંગ ફ્રી
હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન
છેલ્લો દિવસ તા.૧૦-૨-૨૦૧૩
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન
Time : 11 am to 10. pm
હેન્ડીક્રાફ્ટ, ટેક્સટાઇલ, હેન્ડમેડ પ્રોડક્ટસ, ટેરાકોટા, જ્વેલરી
ઘ-૫, સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬

AMI TOUR & TRAVELS
ચારધામ-દિ.૧૮
ઉ.તા. ૨૫/૫/૧૩, ૧૮/૬/૧૩
કુલ્લુ-મનાલી-શિમલા-ડેલહાઉસી, વૈષ્ણોદેવી-અમૃતસર-દિલ્હી-જયપુર
દિ.૧૬ ઉ.તા. ૭/૫/૨૦૧૩
ઉ.ભારત : દિલ્હી-હરિદ્વાર-આગ્રા, ગોકુળ-મથુરા-વૃંદાવન-શ્રીનાથજી વિ.
દિ.૧૧ ● ઉ.તા. ૨૧/૩/૨૦૧૩
Goa-મહાબળેશ્વર-લોનોવાલા
દિ.૮ ● ઉ.તા. ૨૫/૪/૨૦૧૩
M. 9713517738
M. 9624639750




